## શ્રી શ્રદ્ધા મહિલા આર્થિક ઉત્કર્ષ મંડળ
## સંચાલિત

# वात्सल्यधाम®
## वृध्धाश्रम


ખંભાળીયા હાઈવે, ચેરિયા ડાડા મંદિર પાસે,
ગામ : વસઈ, જિલ્લો : જામનગર – ૩૬૧ ૦૦૬.
મો. : ૯૯૦૪૧ ૩૫૬૩૮
www.vatsalyadham.com


# દાખલ થવા માટેનું અરજીપત્રક અને નિયમો

દાખલ થવાં ઈચ્છતા વૃધ્ધજનનું પુરૂં નામ :

પ્રવેશપત્રક લઈ ગયા/ટપાલ દ્વારા રવાના કર્યા તારીખ : ....................................................

પ્રવેશ ફી ભર્યાની પહોંચનો નં. .................................. તારીખ ..................................

શ્રી શ્રદ્ધા મહિલા આર્થિક ઉત્કર્ષ મંડળ સંચાલિત

# વાત્સલ્યધામ®
વૃધ્ધાશ્રમ

ખંભાળીયા હાઈવે, ચેરિયા ડાડા મંદિર પાસે, ગામ : વસઇ, જિલ્લો : જામનગર.

## દાખલ થવા માટેનું અરજીપત્રક અને નિયમો

પ્રતિ,
પ્રમુખશ્રી,
વાત્સલ્યધામ,
વસઇ, જામનગર.

પાસપોર્ટ
સાઈઝ
ફોટો

હું, નીચે સહી કરનાર
આપના વાત્સલ્યધામમાં સ્વેચ્છાએ નિવાસી તરીકે દાખલ થવા ઈચ્છું છું અને સંસ્થાનાં નિયમો મેં પુરી રીતે સમજેલ છે. તો મને અને મારા જામીનને કબુલ-મંજુર છે. મારી સંપુર્ણ વિગતો નીચે મુજબ છે.

(૧) પુરૂ નામ (અટક સાથે)

(૨) પુરૂ સરનામું (મો.નં. સાથે)

ફોન નં. મોબાઈલ

(૩) જન્મતારીખ ઉંમર વર્ષ

(૪) વજન ઉંચાઇ

(૫) વૈવાહિક પરિસ્થિતિ ☐ કુંવારા ☐ પરણિત ☐ વિધવા ☐ વિધુર

(૬) પતિ/પત્ની હયાત છે ? ☐ પતિ ☐ પત્ની ☐ બંને

(૭) જ્ઞાતિ ______ (૮) પેટા જ્ઞાતિ ______

(૯) અભ્યાસ ______

(૧૦) વ્યવસાય/નોકરી કરતા હતા તો તેની વિગત અને સરનામું ______

(૧૧) માસિક આવક રૂા. ______ આવકનો પ્રકાર ______

(૧૨) મિલ્કતની વિગત :

સ્થાવર મિલ્કત ______ જંગમ મિલ્કત ______ રોકડા/દાગીના ______

(૧૩) શારીરિક/માનસિક સ્થિતિ ______

(૧૪) કોઇ ઓપરેશન કરાવેલ હોય તો તેની વિગત ______

(૧૫) કોઇ ગંભીર બિમારી હોય તો ______

(૧૬) કાયમી બિમારી ______

(૧૭) કોઇ ખોડ-ખાંપણ હોય તો તેની વિગત ______ (૧૮) બ્લડ ગ્રુપ ______

(૧૯) કોઇ વ્યસન હોય તો તેની વિગત ______

(૨૦) બેંક એકાઉન્ટ હોય તો તેની વિગત ______

(૨૧) કૌટુંબિક વિગત

| નં. | વ્યક્તિનું પુરૂં નામ અને સરનામું | સગપણ | ઉંમર | વ્યવસાય | મોબાઈલ નં. |
|---|---|---|---|---|---|
| ૧ | | | | | |
| ૨ | | | | | |
| ૩ | | | | | |
| ૪ | | | | | |
| ૫ | | | | | |

(૨૨) વાત્સલ્યધામમાં પ્રવેશ માટેનું કારણ

(૧)

(૨)

(૨૩) દાખલ કરાવનાર, ભલામણ કરનારનું નામ–સરનામું

મોબાઈલ નં.

(૨૪) સંસ્થાના કોઈપણ કામમાં સેવા આપવાની ઈચ્છા હોય તો સેવાનો પ્રકાર

(૨૫) નિભાવ ખર્ચની માસિક રકમ ભરવા સંમત છો ?

(૨૬) ઉપરોકત મારી વિગત તદ્દન સાચી છે અને મેં શુદ્ધબુદ્ધિથી ભરેલ છે ?

દાખલ થનાર
અરજદારની સહી

## –:: દાખલ થનાર વડીલ માટે નૈતિક સુચન ::–

આપ સૌ સંસ્થામાં જોડાવ છો તો તે સંસ્થાને સંપૂર્ણપણે વફાદાર રહી સંસ્થાની કોઈપણ પ્રવૃત્તિને અનુસરી સંસ્થાના નિયમોનું ચુસ્તપણે પાલન કરી સંસ્થાના દરેક સભ્ય સાથે ભાઈચારાનું વર્તન કરી હળીમળીને પારિવારીક વાતાવરણ બનાવી પારકાને પોતાના ગણી અને ઈશ્વરનો આભાર માની જીવન પસાર કરવામાંજ આપનું માન સન્માન, આપનો પરિચય અને આપની શોભા છે.

वात्सल्यधाम
वृधाश्रम

# વાત્સલ્યધામમાં પ્રવેશ મેળવનાર વડીલે પાળવાના નિયમો

૧) દાખલ થનારની ઉંમર ઓછામાં ઓછી ૬૦ વર્ષ હોવી જોઇએ. અપવાદ કેસમાં ઉંમરમાં છુટછાટ મુકવામાં આવશે. અપંગ, અંધ, બહેરા, મુંગા, મંદબુદ્ધિ કે માનસિક તકલીફવાળા વ્યક્તિને રાખવામાં આવશે નહીં.

૨) દાખલ થનારે તમાકુ, બીડી, સીગારેટ, ગુટકા કે માદક પદાર્થ કે પ્રવાહીનું સેવન કરવાની કે લાવવાની સખ્ત મનાઇ છે. તેનું પાલન ન કરનારને છુટા કરી દેવામાં આવશે.

૩) શારીરિક સ્વચ્છતા, પોતાના રૂમ તથા આસપાસની જગ્યામાં સ્વચ્છતા જાળવવાની રહેશે. સંસ્થાના સમયપત્રકનું પાલન કરવાનું રહેશે.

૪) વીજળી કે પાણીનો દુરૂપયોગ કરવો નહીં. પ્રીમાઇસીઝને નુકશાન ના પહોંચાડવું. વ્યવસ્થાપક/ટ્રસ્ટીની મંજુરી વગર ફર્નિચરનો ફેરફાર કરવો નહીં.

૫) રૂમ પાર્ટનર, અન્ય નિવાસી કે કર્મચારી સાથે સહકારથી વર્તવાનું, ખટપટ, અશિષ્ટ કે અસભ્ય વર્તન કરનારને છૂટા કરવામાં આવશે.

૬) સંસ્થાના કર્મચારી પાસે પોતાનું અંગત કામ કરાવવા અંગત નાણા કે વસ્તુની લેતીદેતી કરવાની સખત મનાઇ છે.

૭) વડીલે સંચાલકશ્રીની મંજૂરી વિના બહાર જવું નહીં અને જ્યારે પણ જવાનું થાય ત્યારે કયાં જાય છે? કયારે પરત આવશે? તેની જાણ સંચાલકશ્રીને કરવાની રહેશે. બહારગામ જવાનું થાય તો સંચાલકશ્રીને લેખિત આપી જે જગ્યાએ જવાનું છે ત્યાંનું સરનામું, મોબાઇલ નંબર આપીને જવાનું રહેશે. રાત્રે મોડે સુધી બહાર ફરવા દેવામાં આવશે નહીં. સાંજે સૂર્યાસ્ત પહેલા પરત આવવાનું રહેશે.

૮) કિંમતી ચીજવસ્તુ પાસે રાખવી નહીં, અને જો રાખશે તો તેની સંપૂર્ણ જવાબદારી પોતાની રહેશે.

૯) મળવા આવનાર મુલાકાતી વિઝિટીંગ હોલમાં જ મળી શકશે. રૂમ, પરિસર કે અન્ય જગ્યાએ મળી શકશે નહીં.

૧૦) નિવાસીના સંબંધીને આશ્રમમાં રાત્રિ રોકાવાની મનાઇ છે. પરંતુ બહારગામથી લેવા–મુકવા આવેલ હોય તો મુલાકાતી સાથે નિવાસીને શું સંબંધ છે તેની અગાઉથી જાણ કરી મંજૂરી મેળવીને નકકી કરેલ ચાર્જ ભરી, જો જગ્યા હશે તો સગવડ કરી આપવામાં આવશે. મળવાનો સમય સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૭ નો રહેશે.

૧૧) દોરાધાગા, જાદુટોણા કે તાંત્રિક વિધિ કરનાર તથા કરાવનારને છૂટા કરાશે.

૧૨) બહાર જઇ ભિક્ષાવૃત્તિ જેવી પ્રવૃત્તિ કરી શકશે નહીં તથા નોકરી ધંધો કરી શકાશે નહીં.

૧૩) વડીલની તંદુરસ્તીને ધ્યાનમાં લઇ યોગ્ય હળવો, પોષ્ટિક, સુપાચ્ય ખોરાક આપવામાં આવે છે. વ્યક્તિગત પસંદગીને અવકાશ નથી તથા બહારથી વસ્તુ મંગાવીને ખાઇ શકશે નહીં અને ભોજન બધાની સાથે જ લેવાનું રહેશે.

૧૪) જ્ઞાતિ–જાતિ–ભાષાનો ભેદભાવ રાખી શકશે નહીં. તથા અભદ્ર ભાષાનો ઉપયોગ કરવો નહીં.

# વાત્સલ્યધામમાં પ્રવેશ મેળવનાર વડીલે પાળવાના નિયમો..(૨)

૧૫) આશ્રમમાં જે વસ્તુ મળે તેનો જ ઉપયોગ કરવાનો રહેશે પોતાના ઘરેથી વસ્તુઓ લાવી તેનો ઉપયોગ થઇ શકશે નહીં. કસૂરવાર થશે તેની બધી જ વસ્તુ જપ્ત કરી ચેતવણી આપ્યા વગર છૂટા કરી દેવામાં આવશે.

૧૬) જરૂરી સંજોગો સિવાય બહાર જવા દેવામાં આવશે નહીં.

૧૭) પ્રાર્થના, ભજન, કિર્તન તેમજ યોગ જેવી અન્ય પ્રવૃત્તિમાં નિયમિત હાજર રહેવું.

૧૮) સરકારશ્રીની વિરૂદ્ધમાં કે બીજી કોઇ કાનુની કાર્યવાહીમાં સંડોવાયેલા છે તે જણાય તો પ્રવેશ આપવામાં આવશે નહીં અને તાત્કાલિક ધોરણે છૂટા કરવામાં આવશે.

૧૯) ઓળખ માટે જરૂરી આધાર જેવા કે ચૂંટણી કાર્ડ, આધાર કાર્ડ, પાનકાર્ડ, ડ્રાઈવીંગ લાઇસન્સ વગેરમાંથી કોઇ પણ બે ની નકલ આપવાની રહેશે. જવાબદાર વ્યક્તિની ઉપરોકત ઝેરોક્ષ સહી સાથે રજુ કરવાની રહેશે.

૨૦) વીજળીના ઉપકરણો જેવા કે ઇસ્ત્રી-સગડી-કીટલી-હીટર-ટોસ્ટર-ઓવન-ફોમેન બેગ (શેક કરવાની રબરની થેલી) ઇત્યાદી સંચાલકશ્રીની મંજૂરી વગરે ઉપયોગમાં લેવા નહીં.

૨૧) આશ્રમ છોડી જનાર નિવાસીને ફરી આશ્રમમાં દાખલ થવા માટે સંસ્થાને લાગશે તો ફરી દાખલ કરશે અન્યથા નહીં.

૨૨) સંસ્થામાં શેષ જીવન શાંતિથી પસાર કરવા અને સુખમયી વાતાવરણ માટે યોજાયેલા આ સમુહને એક જ કુટુંબ સમજીને રહેવું અને જરૂર પડે તો પરસ્પર ઉપયોગી થવાની ભાવના કેળવવી જરૂરી છે.

૨૩) રજુ કરેલ આધાર પુરાવા

- ☐ આધાર કાર્ડ
- ☐ પાન કાર્ડ
- ☐ ચુંટણી કાર્ડ
- ☐ પાસપોર્ટ
- ☐ ડ્રાઈવીંગ લાયસન્સ

ઉપરોકત તમામ નિયમો મને મંજુર છે

પ્રવેશ મેળવનાર વડીલની સહી

# -:: સંમતિપત્ર ::-

પ્રતિ,
ટ્રસ્ટીશ્રી, વાત્સલ્યધામ, જામનગર.
આથી આપને જણાવવાનું કે

(૧) મેં આપના વાત્સલ્યધામમાં દાખલ થવા માટેનું નિયત પ્રવેશપત્રક ભરીને આ સાથે રજુ કરેલ છે. મારૂ શરીર અત્યારે સ્વસ્થ છે તેમજ મારૂં કામકાજ હું જાતે કરી શકું તેવી તંદુરસ્તી ધરાવું છું.

(૨) જો મને દાખલ કરવા અંગે આપની પ્રવેશ મંજુરી મળશે તો સંસ્થા મને રહેવા માટે સંસ્થાની રૂમ ફાળવશે તેમાં સંસ્થાના નિયમ મુજબ મારી રોજીંદી વપરાશની વસ્તુઓ સિવાય દર-દાગીના કે રોકડ રકમ રાખીશ નહીં. તેમ છતાં સંસ્થાના નિયમ વિરૂદ્ધની વસ્તુઓ, દર-દાગીના કે રોકડ રકમ રાખું અને તે ચોરાય જાય કે ગુમ થાય તો તે અંગે સંસ્થાની કોઇ જવાબદારી રહેશે નહીં.

(૩) ભવિષ્યમાં આપની સંસ્થામાં હું સંસ્થાવાસી તરીકે રહેતો/રહેતી હોઉ તે દરમ્યાન મારો દેહ વિલય થાય, અગર કોઇ સંજોગોમાં મને રહેવા માટે ફાળવેલ સંસ્થાની રૂમ ખાલી કર્યા વગર સંસ્થાના નિયમ વિરૂદ્ધ સંસ્થા છોડી જાઉ કે કોઇ ખાસ કારણ વિના કે જાણ કર્યા વિના લાંબો સમય ગેરહાજર રહું તેવી પરિસ્થિતિમાં મને રહેવા માટે ફાળવેલ સંસ્થાની રૂમ ખાલી કરવાની થાય તે વખતે આપશ્રી તે રૂમમાં રહેલા મારા કપડા, રોકડ, દર-દાગીના કે મારી માલિકીની જે કોઇ ચીજ વસ્તુઓ આપ સંભાળી મને રહેવા માટે ફાળવેલ સંસ્થાની રૂમ ખાલી કરી લેવાનો આપને સંપૂર્ણ અધિકાર છે.

(૪) આથી મારા કપડા, દર-દાગીના, રોકડ, રકમ, અન્ય ચીજવસ્તુઓ મને રહેવા માટે ફાળવેલ સંસ્થાની રૂમમાંથી ઉપરોકત રીતે આપને કબજામાં લીધેલ હોય તે નીચેની બે વ્યક્તિઓમાંથી અનુક્રમાનુસાર એક વ્યક્તિને આપ જે સોંપણી કરશો તેમાં મારી હયાતી હોય તો મારે અને મારી જો હયાતી ન હોય તો મારા સગા-સંબંધીઓ, મિત્રો લાગતાં વળગતાં, ઉત્તરાધિકારીઓ કે વારસ આ અંગે કોઇ વાંધો ઉપસ્થિત કરી શકાશે નહીં કે કોઇ કાયદાકીય કાર્યવાહી કરી શકાશે નહીં.
આથી નીચે જણાવેલ બંને વ્યક્તિઓની પસંદગી મેં મારી સ્વેચ્છાએ અને શુદ્ધબુદ્ધિથી કરેલ છે.

## ક્રમાનુસાર વ્યક્તિઓ

(૧) પુરૂં નામ : ____________________
સરનામું : ____________________
____________________
ફોન નં. : ____________ મો. નં. ____________

(૨) પુરૂં નામ : ____________________
સરનામું : ____________________
____________________
ફોન નં. : ____________ મો. નં. ____________

ઉપરોકત મેં જણાવેલ બંને વ્યક્તિઓમાંથી આપે જણાવેલ સમયાવધિમાં બંનેમાંથી કોઈપણ ન આવે તો ઉપરોકત જણાવેલ મારાં કપડાં, દર-દાગીના, ચીજ-વસ્તુઓ, રોકડ રકમ વગેરેનું આપને યોગ્ય લાગે તેમ કરવાનો અધિકાર છે અને તે અંગે મારા કોઈ લાગતા વળગતા, સગા-સંબંધી, મિત્રો, ઉત્તરાધિકારો કે વારસ વાંધો કે વિવાદ ઉપસ્થિત કરી શકશે નહીં કે કોઇ કાયદાકીય કાર્યવાહી કરી શકશે નહીં.

(૫) ભવિષ્યમાં આપની સંસ્થામાં હું સંસ્થાવાસી તરીકે રહેતો/રહેતી હોઉ તે દરમ્યાન મારો દેહવિલય થાય ત્યારે મારો પાર્થિવદેહ (ડેડ બોડી) મારા જામીન થયેલ બે વ્યક્તિઓ અથવા બેમાંથી ગમે તે એક વ્યક્તિને સોંપી શકો છો અને આપને આપેલ સમયાવધિમાં તે બન્ને વ્યક્તિઓમાંથી કોઇપણ મારો પાર્થિવ દેહ લેવા ન આવે તો તે અંગે યોગ્ય લાગે તેમ કરવા આપને સંપૂર્ણ અધિકાર છે.

(૬) આપની સંસ્થામાં દાખલ થવા માટેનું પ્રવેશપત્રક ભરતાં પહેલા સંસ્થામાં ઉપલબ્ધ સગવડતાઓ, સંસ્થાના તમામ નિયમો અને મારા થનારા જામીનોની ફરજો વિગેરેથી હું સંપૂર્ણ વાકેફ થયો છું/થઇ છું અને તે દરેક મને કબુલ મંજુર છે.

(૭) સંસ્થામાં રહેવા માટે મને ફાળવેલ સંસ્થાની માલિકીની જગ્યા રૂમ અંગે મારો કોઇ કાયમી હકક, હિસ્સો કે કબજો ભોગવટો બનતો નથી.

(૮) સંસ્થાના હાલના તમામ નિયમો તથા ભવિષ્યમાં તેમાં જે કંઇ સુધારા વધારા થાય તે અંગે સંપૂર્ણપણે હું સંમત થાઉં છું અને તે દરેક નિયમો મને બંધનકર્તા રહેશે.

તારીખ :
સ્થળ :

દાખલ થવા ઈચ્છુક
વૃદ્ધજનની સહી

# જામીનની ફરજો

સંસ્થામાં દાખલ થનાર વૃધ્ધ વ્યક્તિના જામીન થનાર વ્યક્તિની નીચે પ્રમાણે અગત્યની ફરજો રહે છે.

(૧) તેઓ જે વ્યક્તિના જામીન થયા હોય તે વ્યક્તિની ખબર અંતર પુછવા માટે તથા તેમની અંગત જરૂરીયાતની વસ્તુઓ લાવી દેવા માટે સંસ્થામાં નિયમિતરૂપે આવતા રહેવાનું રહેશે.

(૨) તેઓ જે વ્યક્તિના જામીન થયા હોય તે વ્યક્તિને વિશેષ બિમારી થાય ત્યારે સંસ્થા ખબર આપે કે તુરંત હાજર થઇ દાકતરી નિદાન કરાવી જરૂર પડે હોસ્પિટલમાં દાખલ કરવા માટે તેમને લઇ જવાના રહેશે અને ત્યાં તેમની સંભાળ લેવાની રહેશે. જામીન સમયસર નહીં આવે તો તે જામીનના જોખમે અને ખર્ચે તે બિમાર સંસ્થાવાસીને જામીનના ઘરે સંસ્થા મુકી જશે.

(૩) તેઓ જે વ્યક્તિના જામીન થયા હોય તે વ્યક્તિની સંસ્થાના નિયમ વિરૂદ્ધ વર્તણુંક રહેશે તો સંસ્થા જ્યારે બોલાવે ત્યારે તુરત આવી જઇ તેમને સમજાવી સંસ્થાના નિયમોનું સંપૂર્ણ પાલન કરે તેવી તજવીજ કરવાની રહેશે તેમ છતાં તેમની વર્તણુંકમાં સુધારો ન થાય તો સંસ્થા જણાવે કે તુરત જ તેમને સંસ્થામાંથી કાયમને માટે લઇ જવાના રહેશે તેમજ તેમને રહેવા માટે ફાળવેલ સંસ્થાની રૂમ ખાલી કરી સંસ્થા તરફથી આપેલ દરેક વસ્તુઓ સંસ્થાને સોંપી દેવાની રહેશે તેમજ સંસ્થાનું જે કંઇ લેણું બાકી હોય તે તુરત સંસ્થાને ચુકવી આપવાનું રહેશે.

(૪) તેઓ જે વ્યક્તિના જામીન થયા હોય તે વ્યક્તિનું દેહાવસાન થાય ત્યારે સંસ્થા જાણ કરે કે તુરત જ તેમના પાર્થિવદેહનો કબ્જો લઇ સંસ્થામાંથી લઇ જવાનું રહેશે અને અવસાન બાદ દિન સાતમાં તેમને રહેવા માટે ફાળવેલ સંસ્થાની રૂમ ખાલી કરી આપીને સંસ્થાની ચીજવસ્તુઓ સંસ્થાને પરત કરી દેવાની રહેશે.

(૫) તેઓ જે વ્યક્તિના જામીન થયા હોય તે વ્યક્તિનું દેહાવસાન થતાં તેમને રહેવા માટે ફાળવેલ સંસ્થાની રૂમ ખાલી કરતી વખતે તે રૂમમાં તેમની અંગત વસ્તુઓ, બેંક પાસબુક, એફ.ડી.આર., રોકડ રકમ, દર–દાગીના વિગેરે હોય તો તેમના સંમતિપત્રકમાં જણાવ્યા અનુસાર જે વ્યક્તિને તે સોંપવાનું હોય તેમને હાજર કરી સોંપણીની વિધિ કરાવી લેવાની રહેશે અને પાકી પહોંચ અપાવી દેવાની રહેશે.

(૬) આપના સરનામા કે ટેલીફોન નંબરમાં કોઇ ફેરફાર થાય તો તુરત જ સંસ્થામાં લેખિત જાણ કરવાની રહેશે.

(૭) તેઓ જે વ્યક્તિના જામીન થયા હોય તે વ્યક્તિ અંગેની સંપૂર્ણ જવાબદારી થનાર જામીનની રહેશે. સંસ્થા સમયોચીત પ્રસંગોપાત જામીનની જવાબદારીઓ કે ફરજોમાં સુધારા કરે, તેને માન્ય રાખી તેનો અમલ કરવાનો રહેશે.

ઉપરોકત ફરજો મેં સંપૂર્ણપણે સમજી લીધેલ છે તેમજ તેના ચુસ્તપણે અમલ કરવાની હું આપને ખાતરી આપું છું.

તારીખ :

સ્થળ :

| |
|---|
| જામીન ક્રમાંક – ૧ ની સહી |
| જામીન ક્રમાંક – ૨ ની સહી |

વાત્સલ્યધામ
વૃધ્ધાશ્રમ

# જામીન થનારે ભરવાનું પત્રક

## જામીન ક્રમાંક – ૧

જામીન થનાર વ્યક્તિનું પુરૂં નામ ______________________________

ઉંમર : __________ જન્મ તારીખ : ______________ વ્યવસાય : ______________

પુરૂં સરનામું : ઘરનું : ______________________________

ઓફીસનું : ______________________________

ટેલીફોન નં. : ઘરનો : ____________ ઓફિસનો : __________ મો.નં. : __________

જે વ્યક્તિના જામીન થતાં હોય તેમનું પુરૂં નામ : ______________________________

જે વ્યક્તિના જામીન થયાં હોય તેની સાથેનો સંબંધ : ______________________________

હું જેમનો જામીન થાઉ છું તે શ્રી ........................................................................ ને હું ............................................ વર્ષથી ઓળખું છું જે મારા સગપણમાં ................................. થાય છે. તેઓ સંસ્થાના નિયમોનું પુરી રીતે પાલન કરશે તેની હું ખાતરી આપું છું. તેમજ જામીન થનાર વ્યક્તિની ફરજો સંસ્થાએ જે નક્કી કરેલ છે તે તમામ મેં જાણી/વાંચી છે અને પુરી રીતે સમજી લીધી છે. આથી જામીન તરીકેની મારી ફરજો હું સંપૂર્ણપણે બજાવીશ તેવી ખાતરી આપું છું.

જામીન ક્રમાંક – ૧ ની સહી ........................................

## જામીન ક્રમાંક – ૨

જામીન થનાર વ્યક્તિનું પુરૂં નામ ______________________________

ઉંમર : __________ જન્મ તારીખ : ______________ વ્યવસાય : ______________

પુરૂં સરનામું : ઘરનું : ______________________________

ઓફીસનું : ______________________________

ટેલીફોન નં. : ઘરનો : ____________ ઓફિસનો : __________ મો.નં. : __________

જે વ્યક્તિના જામીન થતાં હોય તેમનું પુરૂં નામ : ______________________________

જે વ્યક્તિના જામીન થયાં હોય તેની સાથેનો સંબંધ : ______________________________

હું જેમનો જામીન થાઉ છું તે શ્રી ........................................................................ ને હું ............................................ વર્ષથી ઓળખું છું જે મારા સગપણમાં ................................. થાય છે. તેઓ સંસ્થાના નિયમોનું પુરી રીતે પાલન કરશે તેની હું ખાતરી આપું છું. તેમજ જામીન થનાર વ્યક્તિની ફરજો સંસ્થાએ જે નક્કી કરેલ છે તે તમામ મેં જાણી/વાંચી છે અને પુરી રીતે સમજી લીધી છે. આથી જામીન તરીકેની મારી ફરજો હું સંપૂર્ણપણે બજાવીશ તેવી ખાતરી આપું છું.

જામીન ક્રમાંક – ૨ ની સહી ........................................

# પ્રવેશ મંજુરી

પ્રવેશ માટેના ઉમેદવારશ્રી ...................................................................... નું પ્રવેશપત્રક માન્ય થતાં અને ત્યારબાદ રૂબરૂ વાતચીત માટેના ઇન્ટરવ્યુમાં યોગ્ય લાગતા તા................................ થી તેમના પ્રવેશને મંજુરી આપવામાં આવે છે.

ટ્રસ્ટીશ્રી,
શ્રી વાત્સલ્યધામ વૃધ્ધાશ્રમ, જામનગર.

## જામીનની લેખિત બાંહેધરી

અન્ય નોંધ : અમો નીચે સહી કરનાર શ્રી .............................................................................
ના જામીન આપને લેખિથ ખાત્રી આપીએ છીએ કે ભવિષ્યે ઉપરોકત આશ્રમવાસીને કોઇ મેજર બિમારી આવી પડે, તેને એટેન્ડન્ટ રાખવાની જરૂર કે કોઇ આર્થિક મુશ્કેલી આવી પડે કે આશ્રમના નિયમોનું પાલન ન કરે તો તે બાબતની સંપૂર્ણ જવાબદારી અમારી છે. અને આપના ટ્રસ્ટી મંડળ તરફથી જે કાંઇ નિર્ણય લેવાય તે અમોને માન્ય રહેશે તેની અમો લેખિત ખાત્રી આપીએ છીએ.

જામીન નં. ૧      જામીન નં. ૨

પ્રવેશ મંજુરીની તારીખ ......................................... હાજર થયા તા. ...........................................

રૂમનું નામ ......................................................

પ્રવેશ ફી રૂા. .............................. ભર્યાની પહોંચ નં. .............................. તારીખ ........................

## પ્રવેશ સમયે મેડીકલ તપાસ

B.P. (બ્લડ પ્રેશર) ____________________ R.B.S. (રેન્ડમ બ્લડ સુગર) ____________________

વિશેષ નોંધ :

સહી : ____________________



**શ્રી શ્રદ્ધા મહિલા આર્થિક ઉત્કર્ષ મંડળ**
**સંચાલિત**

**वात्सल्यधाम®**
**वृध्धाश्रम**

**ખંભાળીયા હાઈવે, ચેરિયા ડાડા મંદિર પાસે, ગામ : વસઈ, જિલ્લો : જામનગર – ૩૬૧ ૦૦૬.**

**E-mail : vatsalyadham11@gmail.com Web : www.vatsalyadham.com**